Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.1, Issue: 145, Feb, 2025
Paper ID: RRJ953475
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-1-issue-145-february-2025/RRJ953475

# અલંગ શિપ બ્રેકિંગયાર્ડની ઐતિહાસિક ઝાંખી

લેખક
ડૉ. પ્રતીક એ. ગઢવી
*આસિસ્ટન્ટ પ્રોફેસર*
ઇતિહાસ અનુસ્નાતક વિભાગ, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા.

## 1. પ્રસ્તાવના

ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા ભાવનગર જિલ્લામાં અલંગ આવેલું છે મીરાતે-એ-અહમદી માં અલંગનો ઉલ્લેખ સોરઠના બારા તરીકે કરવામાં આવેલો છે જ્યારે જૂના દુસ્તર-અલ-અમલ અથવા રેવન્યૂ હેન્ડબુક માં મણાર નો ઉલ્લેખ બંદર તરીકે જોવા મળે છે.

અલંગના દરિયાકિનારે જુના જહાજ ભાંગવાનો રાજ્યમાં સૌપ્રથમ ઉદ્યોગ શરૂ થયો હતો.તે જિલ્લાના આર્થિક ઉત્પાદન માં મહત્વનો ભાગ ભજવે છે. જહાજ ભાંગવાના ઉદ્યોગને 1978માં ભારત સરકારે એક ઉદ્યોગ તરીકે માન્યતા આપી અને તેનો ઉદ્યોગ(વિકાસ અને નિયંત્રણ) કાયદો 1951 (ઇન્ડસ્ટ્રીઝ ડેવલોપમેન્ટ એંડ રેગ્યુલેશન એક્ટ 1951) માં સમાવેશ કર્યો. અલંગ ઝાડી-ઝાંખરા વાળા અને અણવિકસિત વિસ્તારમાં આ ઉદ્યોગ ચાલી રહ્યો છે. અને મજૂરોને રોજગારીની તક પૂરી પાડે  છે.

સ્થાન

અરબી સમુદ્ર ખંભાતના અખાત ઉત્તર મુંબઈ પશ્ચિમ તટ પરના બંદર અને  પીરમ આઈલેન્ડ લાઇટ હાઉસથી નોર્થ-ઈસ્ટ પર આવેલું છે.

અક્ષાંશ-રેખાંશ

21°23'57"N  72°10'24" E
21.399137°N
72.173352°F

## 2. અલંગ નો સામાન્ય પરિચય

ભાવનગર જીલ્લા મથકથી ૫૦ કિ.મી અને તળાજા તાલુકા મથકથી ૨૦ કિ.મી અને ત્રાપજ થી ૧૦ કિમી.ના અંતરે અલંગ દરિયાના કિનારે આવેલું છે જવા માટે પાકી સડક જોવા મળે છે આમ આ  ઉદ્યોગ નો વિસ્તાર સોસિયા થી મથાવડા 10 કિમી વિસ્તારમાં આ ઉદ્યોગ ફેલાયેલો છે અલંગમાં 169 પ્લોટ આવેલા છે જેમાં હાલમાં 131 પ્લોટમાં કામ કાર્યરત છે. બધા જ પ્લોટનો ઓછામાં ઓછો વિસ્તાર 1350 સ્કવેર મીટર અને વધુમાં વધુ 6000 સ્ક્વેર મીટર જેટલો છે. અલંગમાં લગભગ 20,000 જેટલા મજુરો અને વેપારીઓ અલંગ સાથે સંકળાયેલા છે ઇ.સ.1983ની ૧૩ ફેબ્રુઆરીના રોજ પ્રથમ જહાજ એમ.વી કો ટાટેન્જોગ નામનું શીપ  પ્રથમ અલંગમાં કપાવવા માટે આવ્યું હતું.

અલંગ ઉદ્યોગના વિકાસ ના કારણે ભાવનગર અને જિલ્લાના અસંખ્ય રોલીગ મિલોનો કાચોમાલ તથા લોકોને મજૂરી પૂરી પાડે છે.આસપાસ ના ઘોઘા અને તળાજા તાલુકાના મોટા ભાગના ગામોને સારી એવી મજૂરી ની તક પૂરી પાડે છે.અલંગમાં ગુજરાત મેરીટાઇમ બોર્ડ ની સ્થાપના 5 એપ્રિલ 1982માં થઈ હતી.આ બોર્ડ દ્વારા અલગ માં આવતા મજૂરીને પંદર દિવસની સ્વાસ્થ્ય અને શીપ કટિંગ કઈ રીતે કરવું આવી તમામ પ્રકારની પ્રાથમિક તાલીમ આપે છે.અને ૧૮ વર્ષની વયના લોકોને જ આ જી.એમ.બી કાર્ડ કાઢી આપવામાં આવે છે.

### 3. અલંગ શિપબ્રેકિંગ યાર્ડ

ઇ.સ.1981ના સપ્ટેમ્બર માસમાં જહાજો તોડાવનારા માલિકનું એક મંડળ ગુજરાતની મુલાકાતે આવ્યુ. અને ઉદ્યોગ વિસ્તરણ બ્યુરો (ઇન્ડેક્ષબી)ના પ્રતિનિધિ સાથે સૌરાષ્ટ્રના કાંઠે વિવિધ સ્થળોની મુલાકાત લીધી અને આમ યોગ્ય સ્થળ પસંદ કરી જહાજ ભાંગવાનો ઉદ્યોગ સ્થાપવા અંગેની કાર્યવાહી આગળ વધી રાજ્યના ઉદ્યોગ કમિશનરશ્રી એ પણ જહાજ ભાંગવાનો વાડો ગુજરાતમાં સ્થપાય એ અંગે ચક્રીય રસ દાખવ્યો અને જરૂરી સગવડો પણ કરવામાં મહત્વનો ફાળો આપ્યો 1982માં વેપારી મહામંડળના ઉપક્રમે શીપબ્રેકરો સાથે એક સર્સા રાખવામાં આવી. આમ રાજ્ય સરકાર તરફથી જહાજ ભાંગવાનો ઉદ્યોગના પ્રયત્નો શરૂ થયા 1982ના એપ્રિલ માસમાં કલકત્તાથી એમ.એસ.ટી.સીના અધ્યક્ષ સહિતની એક ટીમ ગુજરાતની મુલાકાતે આવી અને ગુજરાતમાં આ ઉદ્યોગ વિકસાવવા ચર્ચા કરી રાજ્ય સરકારે જહાજ ભાંગવાના ઉદ્યોગના વિકાસની શક્યતાઓ તપાસવા અંગે અધિક મુખ્ય સચિવશ્રી ના અધ્યક્ષ પદે એક સમિતિની રચના કરી તેમજ રાજ્યના ઔધોગિક મૂડી રોકાણ નિગમને ઉદ્યોગ સ્થાપવા અંગે યોગ્ય સ્થળ પસંદ કરી સુચવાની કામગીરી સોંપી રાજ્યના 1982-83 ના અંદાજપત્રમાં શિપ બ્રેકીંગ ઉદ્યોગના વિકાસ માટે રૂ ૨૫ લાખની પ્રારંભિક જોગવાઈ કરવામાં આવી ગુજરાતમાં જહાજ ભાંગવાનો ઉદ્યોગ સ્થાપવા માટે સૂચિત વિવિધ સ્થળોએ અભ્યાસ બાદ ભાવનગર જિલ્લામાં અલંગ પાસે જહાજ ભાંગવાનો વાડો સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું ગુજરાત મેરીટાઇમ બોર્ડ આવો યાર્ડ(વાડો)વિકસાવવા માટે બે તબક્કાની યોજના તૈયાર કરવામાં આવી પ્રથમ તબક્કામાં પ્રારંભિક સુવિધાઓ પૂરી પાડવાનું નક્કી થયું જેમાં જહાજ ભાંગવાનો વાડો વિકસાવા માટે જરૂરી જમીન સંપાદિત કરી પ્લોટ બનાવી જહાજ ભાંગનારાઓને આપવા પ્રોસેસ સેડ તૈયાર કરવા, વીજળી તેમજ પાણીની જરૂરીયાત પૂરી પાડવા દરેક એકમ ને જોડતો કામ ચલાઉ રસ્તો તૈયાર કરવો, ટેલીફોન ની જોગવાઈ, દરિયાઈ માર્ગદર્શન પુરૂ પાડવું વગેરે. સૌપ્રથમ 1978માં ચોટીલાના શ્રી ધીરૂભાઈ શાહે એક વહાણ મેળવી જામનગર પાસેના સચાણામાં દરિયાકાંઠે વહાણ તોડવાનું શરૂ કર્યું આમ નવેંબર ૧૯૭૮ થી ગુજરાતમાં જહાજ ભાંગવાના ઉદ્યોગ ની કામગીરીના મંડાણ થયા એમ કહી શકાય

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા 31 મેં ૧૯૮૩ સુધીમાં ભાવનગર તેમજ વિકાસ અધિકારી કચેરી મુંબઇ એ કુલ ૧૩૧ એકમોને અલંગ શિપબ્રેકિંગ ઉદ્યોગ શરૂ કરવા માટે હંગામી નોંધણી નંબર આપ્યા છે ગુજરાત મેરીટાઇમ બોર્ડની

ભાવનગર ની કચેરી પાસે અલંગ શિપબ્રેકિંગ ઉદ્યોગ શરૂ કરવા અને તે પ્લોટ મેળવવા 487 અરજીઓ આવી હતી. આ પૈકી કુલ ૧૨ એકમો એ મેટલ સ્ક્રેપ ટ્રેડ કોર્પોરેશન કલકત્તા પાસેથી 16 વહાણ મેળવ્યા હતા. સાગર ભરતીના સમયે કિનારા પર 8મીટર ઊંડાઇ સુધી પાણી જોવા મળે છે.તેથી આ સ્થળે હજારો ટન ના જહાજ કપાવવા માટે આવે છે.અહીં 86હજાર ટનનુ એક કન્ટેનર શિપ કપાવવા માટે આવ્યું હતું. 13 ફેબ્રુઆરી 1983 થી 28 ઓગસ્ટ 2019 સુધી માં 7954 શિપકટીંગ થઈ ચૂક્યા છે. અહીં કન્ટેનર,રીફર,ડ્રેજર ,ટેન્કર,ઠગ,રો-રો, પેસેન્જર વગેરે આવા અનેક પ્રકારના શીપ અહીં કટીંગ થવા માટે આવે છે. અને તેમાં મોટાભાગ લોખંડ,તાંબુ, એલ્યુમિનિયમ,નિકલ,જસત અને લાકડું વપરાય છે.

### 4. અલંગ ઉદ્યોગ ની કામગીરી

અલંગ માં કામ કરવા માટે સૌ પ્રથમ પંદર દિવસની જી.એમ.બી ટ્રેનિંગ આપવામાં આવે છે. અને તે પણ 18 વર્ષની વયે ઉપરના વ્યક્તિને જ ટ્રેનિંગ આપવામાં આવે છે. અને ત્યાર પછી તેને કામ ઉપર રાખવામાં આવે છે. અહીં તેમને સ્વાસ્થ્ય ને લગતી નેશિપને લગતી તમામ માહિતી આપવામાં આવે છે. સૌપ્રથમ જ્યારે શિપ કપાવવા માટે આવે ત્યારે તેની તપાસ થાય છે કે કોઈપણ શિપના અંદરના ભાગમાં ઝેરી ગેસ તથા જલન શીલ તેલ બહાર કાઢવામાં આવે છે.

ત્યારબાદ શિપ કટીંગ કરવાની મંજૂરી અપાય છે અને તેમાં ગેસ કટીંગ મેંન, ફાયરમેન, એલ્પર, જોડી, બેગારી વગેરે આવા જુદા જુદા વિભાગના માણસો ના સમૂહ સાથે શિપનુ કટિંગ કરવામાં આવે છે. અને તેમાં સાધનો જોઈએ. કટ્ટર,વીસ,ગેસકટર,વગેરે અનેક પ્રકારના સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે.

### 5. આરોગ્ય વિષયક અસરો

અલંગ માં ત્રણ હોસ્પિટલો આવેલી છે. 9 નંબર ની સામે રેડ ક્રોસ હોસ્પિટલ અને 15 નંબર ની સામે અલંગ હોસ્પિટલ અને તાજેતરમાં એક 24 નંબર ની સામે મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ આવેલી છે. અને રેડ ક્રોસ નું એક મોબાઈલ વાન પણ લેબોરેટરી માટે કાર્યરત છે. ટૂંક સમય પહેલાં જ એક માર્ઝ ફોરેન પ્રોજેક્ટ શરૂ થયો છે.ત્રણ વ્યક્તિનો સ્ટાફ છે.અને તે બધા જ પ્લોટ માં જઈ અને સ્વાસ્થ્ય માટેની જાણકારી આપે છે. અલંગમાં પ્રદૂષણના કારણે શ્વાસ ના રોગો કેમિકલને કારણે ચામડીના રોગો અને ગરમીમાં ગેસ કટીંગ ના કારણે આંખના રોગો અને એઇડ્સનુ પ્રમાણ પણ ગુજરાત રાજ્યમાં ભાવનગરમાં પ્રથમ ક્રમાંકે જોવા મળે છે.

સ્વભાવિક રીતે યુવાન વયે પોતાના જાતીય સંતોષ થવો જોઈએ એ ન થતા જાતીય સંતોષ માટે સેક્સ વર્કર પાસે પોતાનો જાતીય સંતોષ માણે છે. નશીલાં દ્રવ્યોનો કારણે તે પોતાનું ભાનપણ નથી હોતું તેના કારણે એઇડ્સનું પ્રમાણ વધારે ફેલાય છે. અને ગંદા વસવાટ ના કારણે અહીં રોગોનું પ્રમાણ વધારે જોવા મળે છે.

### 6. સામાજિક અસરો

બેરોજગાર યુવાનોને રોજગારી મળી રહે છે.અલંગ ના લીધે આસપાસના 30 ગામોને સારી એવી રોજગારી મળી રહે છે.તથા મામસા અને શિહોર માં આવેલી મિલોને પણ કાચો માલ પૂરો પાડે છે.અહીંયા પણ મંદિની સમસ્યા સર્જાય છે. 2014થી સતત ત્રણ વર્ષ નબળા ગયા હોવાના અહેવાલ વર્તમાનપત્રમાં પ્રકાશિત થયા છે.

| નાણાકીય વર્ષ. | કુલ જહાજ. | જહાજનુ કુલ વજન( લાખ મેટ્રિક ટન માં) |
|---|---|---|
| 2014-15 | 275 | 2.49 |
| 2015-16 | 249 | 2.43 |
| 2016-17 | 259 | 2.59 |

આમ અલંગમાં સતત ત્રણ વર્ષની મંદી પછી અલંગમાં લાલચોળ તેજી આવી હતી.( દિવ્યભાસ્કર 20 ફેબ્રુઆરી 2018)

### 7. શિક્ષણનો પ્રભાવ

પોતાના રાજ્યમાં બેરોજગારીના કારણે શિક્ષિત યુવાનો પણ આ ઉદ્યોગ સાથે સંકળાયેલા છે જેમાં સેફ્ટી માસ્તર, કાર્ડ માસ્તર,મેનેજર તથા ફાયરમેન વગેરે શિક્ષિત યુવાનો પણ આ ઉદ્યોગમાં સંકળાયેલા છે. અને અમુક વ્યક્તિ સહ પરિવાર સાથે આવે છે. તે પણ પોતાના બાળકને શિક્ષણ માટે આસપાસની શાળામાં મોકલે છે. પરંતુ શિક્ષણનું પ્રમાણ સાવ ઓછા પ્રમાણમાં જોવા મળે છે.

### 8. સાંસ્કૃતિક અસરો

અલંગમાં જોઈએ તો એક જ વિસ્તારમાં જુદા જુદા રાજ્યના લોકો વસવાટ કરે છે.ઓરીસ્સા, ઝારખંડ, ઉત્તરપ્રદેશ,મધ્યપ્રદેશ,બિહાર વગેરે રાજ્યના લોકો પણ વસવાટ કરે છે. અને તેની જુદી જુદી ભાષા બોલતા જોવા મળે છે. અને તેના પહેરશો પણ જુદા જુદા હોય છે. અને તેના ખોરાક પણ અલગ અલગ જોવા મળે છે. આમ તેની સંસ્કૃતિ અને તેની સાથે તેના વિવિધ તહેવારો આમ અલંગમાં અનેક લોકો એકી સાથે વસવાટ કરે છે. અને વિવિધતામાં એકતા જોવા મળે છે.

### 9. ભવિષ્યના આવેગો

અલંગમાં પ્રાથમિક સુવિધાનો અભાવ જોવા મળે છે.આમાં સુધારા કરવા જોઈએ તથા એઈડ્સનું પ્રમાણ પણ વધતું જાય છે. તેના પર પણ નિયંત્રણ લાવવાનો પ્રયાસ કરવો જોઈએ ત્યારબાદ આજે અમુક પ્લોટ માં હજી પણ દરિયામાં નકામું કેમિકલ તથા પદાર્થ ફેકવામા આવે છે.તથા ઝેરી ગેસ પણ ખુલ્લે આમ છોડવામાં આવે છે. આમ પર્યાવરણનું પણ ખૂબ જ નુકસાન થાય છે.તેના માટે પણ પગલાં લેવા જોઈએ.

અમુક ગામડાઓને અલંગ ઉદ્યોગમાં ભેળવી દેવામાં આવેલા છે. સત્તા પણ તે ગામના લોકોને અમુક પ્લોટ માં મજુરી માટે રાખવામાં આવતા નથી. જો આના પર કોઈ નિયમો નહીં બનાવવામાં આવે તો આ ગામડાઓમાં

બેરોજગારીનું પ્રમાણ વધી જશે આના માટે પણ ખાસ નિયમો બનાવવા જોઈએ. અને જો નિયમો બનાવેલા હશે તો તેનું પાલન કરવામાં નહીં આવતું હોય.

## સંદર્ભસૂચિ


1. ગુજરાત મેરીટાઇમ બોર્ડ કચેરી ભાવનગરમાં શૈલેષભાઈ ધાંધલની રૂબરૂ મુલાકાત
2. ડો.મહેબૂબ દેસાઈ,ગુજરાત માં પ્રવાસન ,2004
3. દિવ્ય ભાસ્કર સમાચાર પત્ર 20 ફેબ્રુઆરી2019.